





# ડીસામાં પ્રચારના પડઘમ શાંત થાય તે પહેલાં ઉમેદવારોનો ડોર ટુ ડોર પ્રચાર



ગુજરાત વિધાનસભાની બીજા તબક્કાની ચુંટણીના પ્રચાર પડઘમ સાંજે પાંચ વાગ્યે શમી જાય તે પહેલાં ડીસા વિધાનસભાના ઉમેદવારોએ મતદારો સમક્ષ ડોર ટુ ડોર પ્રચાર કરી મત આપવા માટે વિનંતી કરી હતી. જેમાં ઉમેદવારો સાથે મોટી સંખ્યામાં તેમના સમર્થકો પણ જોડાતા ચુંટણી પ્રચારનો માહોલ ચરમસીમાએ પહોંચ્યો હતો. ડીસા મત વિસ્તારમાં ભાજપના ઉમેદવાર લીલાધર વાઘેલા રેલી સ્વરૂપે ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો. તેઓ પોતાના કાર્યકરો અને આગેવાનો સાથે શહેરના માર્ગો પર વેપારીઓ અને અન્ય ધંધાર્થીઓ તેમજ અન્ય મતદારો સમક્ષ મત આપવા વિનંતી કરી હતી. કોંગ્રેસના રાજેન્દ્રભાઈ જોષી પણ પોતાના ૩૦૦ જેટલા કાર્યકરો સાથે દુકાને દુકાને ફરી મતની માંગણી કરી હતી. જ્યારે અપક્ષ ઉમેદવાર મંગળજી મદરૂપજી માળી પણ પોતાના વિશાળ ટેકેદારોના કાફલા સાથે શહેરની સડકો પર નીકળ્યા હતા. ડોર ટુ ડોર પ્રચારમાં નીકળેલ ઉમેદવારોનું ઠેર ઠેર સ્વાગત કરાયું હતું અને જંગી બહુમતિથી જીતાડવા ખાત્રી આપી હતી. આમ ચુંટણી પડઘમ શાંત થાય તે પહેલાં નીકળેલા ઉમેદવારો અને તેમના સમર્થકોને લઈ ડીસામાં ચુંટણીનો માહોલ ગરમ બન્યો હતો. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## સમાચાર ઝલક

- સી.ટી.એસ.૨૦૧૦ નવી ચેકબુકના ઉપયોગ માટે તા.૩૧મી માર્ચ સુધી મેળવી લેવા મુદ્દત રીઝર્વ બેંક વધારેલ છે.
- તાલીબાનોએ હંફાવનાર મલાલા ઉપર હવે ફિલ્મ બનશે.
- કોફી મોંનાં કેન્સરનો ખતરાને ૫૦ % ઘટાડે છે.
- ટૂંક સમયમાં દુનિયામાં લોકો કરતાં મોબાઇલ વધુ હશે.
- પતિના બીજા લગ્નથી પ્રથમ પત્ની ભરણ પોષણની હકદાર : હાઇકોર્ટ
- ૨૦મીએ બેકિંગ કર્મચારીઓની દેશવ્યાપી હડતાળ.
- ગુજરાતની ચૂંટણી બાદ ગેસ સિલિન્ડરનો ભાવ વધવાની શક્યતા.
- ભારતીયોનું આયુષ્ય હવે વધી ગયું : અભ્યાસીઓનો દાવો.
- ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે નેતાઓનો ઢગલો : સાંજે પ્રચાર બંધ થશે.
- ચીનમાં એક શખ્સે બાવીસ બાળકોને છરીના ઘા માર્યા.
- નિવૃત્તિની છેલ્લી ફરજ પર એક જ દિવસમાં ૯૫ ચુકાદા આપતા સુપ્રીમકોર્ટનાં ન્યાયાધીશ.
- ૨૦૧૩-૧૪માં ૧ લાખ જગ્યાઓની ભરતી માટે જાહેરાત પ્રકાશિત થશે.
- અમદાવાદમાં રાજકીય પક્ષો તરફથી મોંઘા જમણવારો, લાખોનો ધુમાકો, જાહેર આમંત્રણ.
- આયકર દરોડામાં ગુજરાત હોટ ફેવરીટ, મુંબઇ બીજા ક્રમે.
- તા. ૧૫મી ડિસેમ્બરથી ભવ્ય કચ્છ રણોત્સવનો પ્રારંભ.



## પ્રાંતિજમાં ભાજપની બાઈક રેલી યોજાઈ

વિધાનસભા ચૂંટણીને અનુલક્ષી આજે પ્રાંતિજ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવારના સમર્થન વગરના આસપાસના ગામો અને શહેરી વિસ્તારમાં વિશાળ બાઈક રેલી યોજાઈ હતી. જેમાં ૧૦૦૦ થી વધારે બાઈક ચાલકો જોડાયા હતા અને મતદાન કરવા અને કરાવવા અનુરોધ કર્યો હતો. (સંજય રાવલ, પ્રાંતિજ)

# પ્લેકાર્ડ, બેનર્સ અને સૂત્રોચ્ચાર સાથેની મતદાર રેલીએ નગરવાસીઓ-જિલ્લાવાસીઓમાં જમાવેલું ભારે આકર્ષણ

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લામાં તા. ૧૭મી ડિસેમ્બર-૨૦૧૨ના રોજ સાત વિધાનસભા મત વિસ્તારની સામાન્ય ચૂંટણીઓમાં મતદારો દ્વારા મહત્તમ મતદાન થકી લોકશાહી વધુ મજબુત અને સુદૃઢ બનાવવાના ભાગરૂપે ચૂંટણી પંચ તરફથી અમલમાં મુકાયેલ સૌ પ્રથમ સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન ઈલેક્ટ્રોરલ પ્રોગ્રામ (સ્વીપ) અંતર્ગત અનેકવિધ પ્રયાસો હાથ ધરાયા છે. જેના ભાગરૂપે આજે સાબરકાંઠા જિલ્લાના તમામ તાલુકા/ગામોને આવરી લેતી મતદાર જાગૃતિ માટે યોજાયેલી આ મહારેલીને જિલ્લા અધિક કલેક્ટરશ્રી એમ. જે. ઠક્કરે આજે હિંમતનગર શહેરની હિંમત હાઈસ્કૂલ ખાતેથી લીલી ઝંડી ફરકાવીને પ્રસ્થાન કરાવ્યું હતું. જિલ્લા અધિક કલેક્ટરશ્રીની સાથે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જ્યોતિબેન સોલંકી સહિત અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ પણ આ રેલીમાં જોડાયા હતા. લોકશાહીના આ મહાપર્વની ઉજવણીની જાગૃતિ માટેની આ મહારેલીએ હિંમતનગર શહેર વિસ્તાર ઉપરાંત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભારે આકર્ષણ જમાવી જિલ્લાના પ્રત્યેક મતદાર સુધી તેનો સંદેશો ગુંજતો કર્યો હતો.

જેમાં હજારોની સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, અધિકારીઓ/કર્મચારીઓ વગેરે જોડાયા હતા. તદ્ઉપરાંત જિલ્લાના તમામ ગામોમાં પણ જે તે પ્રાથમિક શાળાઓ ખાતેથી મતદાર જાગૃત્તિ રેલીઓ યોજાઈ હતી અને તેમાં મોટી સંખ્યામાં જોડાયેલા વિદ્યાર્થીઓએ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ મતદાર જાગૃત્તિનો સંદેશો ગુંજતો કર્યો હતો.

હિંમતનગર શહેરમાં યોજાયેલી હિંમત હાઈસ્કૂલ ખાતેથી પ્રારંભાયેલી અને અંદાજે એકાદ કિલોમીટર જેટલી લાંબી આ મહારેલીમાં જિલ્લા અધિક કલેક્ટર ઠક્કરે રેલીના રૂટના કેટલાક વિસ્તારોમાં રેલીમાં સતત સામેલ રહી આગેવાની લઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં. આ રેલી સિવિલ સર્કલ, પોસ્ટ ઓફીસ, ટાવર ચોક થઈ તેના મૂળ સ્થાને પરત ફરી હતી.

# ખેતીક્ષેત્રે બધું જ ધ્યાન આપીશું, ખેડૂત દુખી ન રહે તેની કાળજી રાખીશું : શંકરસિંહ વાઘેલા

## ગુજરાતમાં કોંગ્રેસ પ્રસ્થાપિત થશે તો પેટ્રોલ અને ડિઝલ છ રૂપિયા સસ્તું કરી દઈશું અને વિધવાઓનું પેન્શન ૬૦૦ના સ્થાને ૧૫૦૦ કરીશું

તલોદ, તા. ૧૫

તલોદમાં કોંગ્રેસના વિધાનસભાના ઉમેદવાર મહેન્દ્રસિંહ બારૈયાના પ્રચાર અર્થે આવેલા પૂર્વ મુખ્યમંત્રી અને ભારત સરકારના પૂર્વ કાપડ મંત્રી શંકરસિંહ વાઘેલાએ મસમોટી સંખ્યામાં હાજર એવા પ્રજાજનોને સંબોધન કરતાં સભામાં જણાવ્યું હતું કે ૧૭ વર્ષથી ગુજરાતની ભાજપ સરકારને ૧૭મીએ મતદાન કરી હિસાબ ચૂકવવાનો છે. ગામના સરપંચે સારાં કામ ગામ માટે કર્યા હશે તો સરપંચ બીજી વેળાએ બીનહરીફ ચૂંટાઈ આવશે, ત્યારે ૧૭ વર્ષથી આ સરકારે ગુજરાતની પ્રજા માટે સારાં કામ કર્યા હોય તો શા માટે મતની માગણીઓ કરવા સભાઓ, રેલીઓ કાઢવી પડે ? પણ, આ સરકારને તેનું અભિમાન જ ભરખી જશે. સરકારની નીતિઓના વિરોધમાં સૌરાષ્ટ્રમાં પરિવર્તન થશે. પીવાનું પાણી પ્રજાને મળતું નથી તો ખેતીની તો શું વાત કરું ? ૧૦ હજાર કરોડની જાહેરાતો આ સરકારે આપી પણ આટલા રૂપિયા સૌરાષ્ટ્ર માટે પાણી પાછળ ખર્ચ્યા હોત તો આજે વાત જૂદી હોત. નર્મદાનું પાણી ખેડૂતને ખેતી માટે આપવાના બદલે હોડકાં ફેરવવા પાછળ ફના કરી દીધું છે.

બોલવાની પણ ઢબ નથી. કાગડો હંસ બને તો હંસ પણ ન રહે અને કાગડો પણ ન રહે . દૂરભાવના થઈ ત્યારે સદ્ભાવનાનાં નાટક સરકારને કરવા પડ્યાં. અમે સત્તા પર આવીશું તો વેટ હટાવી દઈશું. બહેનોને ઘરનું ઘર જરૂર આપીશું, વિશ્વાસ રાખજો. ચોરની દાનત હંમેશા તિજોરી પર જ હોય. વ્યક્તિદીઠ આજે આ ભાજપની સરકારમાં પચીસ હજાર દેવું છે. આ આપણી હાલત છે. અમે સત્તા ઉપર આવીશું તો વિધવા બહેનોને આજે ૬૦૦ રૂપિયા સહાય મળે છે તે ૧૫૦૦ રૂપિયા ચૂકવીશું. સરકાર પાસે ગુજરાત માટે કોઈ મુદ્દો નથી. તેથી કેન્દ્રને ભાંડે છે. તેમણે ઉમેર્યું કે આ સરકારમાં સ્ત્રીઓની, ખેડૂતોની કે યુવાનોની સલામતી નથી. કયા મોઢે મત માગે છે ? તલોદમાં એસટી ડેપો છિનવાઈ ગયો, તળાવો પણ ભર્યા નથી. આવી હાલત ઊભી થઈ છે કોંગ્રેસના પંજાને ૧૭મીએ મત આપી તમારા ઉમેદવારને જંગી બહુમતિથી જીતાડશો તેવી આશા રાખું છું.

આ સભામાં માજી કૃષિમંત્રી અને સાબર ડેરીના માજી ચેરમેન ગોવિંદભાઈ પટેલ, કોંગ્રેસના વયોવૃધ્ધ નીડર નેતા કનુભાઈ ચુનીભાઈ પટેલ, ધર્મપાલ ચૌધરી, પ્રાંતિજ તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ ચૌહાણ, વિષ્ણુભાઈ પટેલ, ઉમેદવાર મહેન્દ્રસિંહ બારૈયા, તલોદ નગર પંચાયતના પ્રમુખ દક્ષાબેન પટેલ, માજી પ્રમુખ રંગુસિંહ સોલંકી, કોંગ્રેસના પ્રમુખ બાબુભાઈ પટેલ, મહિલા સમિતિના પ્રમુખ આશાબેન પટેલ, નીતાબેન શાહ તેમજ નિમિશ શાહે હાજરી આપી હતી.

અંતમાં આભારવિધિ તલોદ નગર પંચાયતના પૂર્વ પ્રમુખ રંગુસિંહ સોલંકીએ કરી હતી.

# ડીસામાં કોંગ્રેસને જડબાતોડ જવાબ આપવા ફિલ્મ અભિનેતા પરેશ રાવલની હાકલ

ડીસા, તા. ૧૫

ડીસા શહેરમાં શુક્રવારની રાત્રે ૯-૦૦ કલાકે ટી.સી.ડી. ફાર્મ ખાતે યોજાયેલા ભારતીય જનતા પાર્ટીમાં ફિલ્મ અભિનેતા પરેશ રાવલે ભાજપ તરફી વોટ કરી કોંગ્રેસને જડબાતોડ જવાબ આપવા હાલક કરી હતી. પોતાની આગવી શૈલીથી લોકોને મંત્રમુગ્ધ કરી દિધા હતા. તેમણે જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી ગુજરાતનો સિંહ છે. તેણે વિકાસ માટે ઘણા કાર્ય કર્યા છે. તેના પરિવારમાં ગુજરાતીઓ સિવાય કોઈ નથી. ઉદ્યોગપતિઓ તેમજ લોકોના સાથ સહકારથી આગળ આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના વિકાસની નોંધ જાપાન, ઈંગ્લેન્ડ જેવા દેશો લે છે. પરંતુ કોંગ્રેસને વિકાસ દેખાતો નથી. પરેશ રાવલે જણાવ્યું હતું કે, આજદિન સુધી તમે કોઈએ સાંભળ્યું છે કે, નરેન્દ્ર મોદીનો આ ભાઈ છે કે આ તેનો મામો છે. આ સભામાં મોટી સંખ્યામાં શહેરવાસીઓ અને ભારતીય જનતા પાર્ટીના આગેવાનો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## ‘મારો એક મત રચશે સરકાર’

# સાબરકાંઠા જિલ્લામાં અધિક ક્લેક્ટરે મતદાર જાગૃતિની મહારેલીનું કરાવેલું પ્રસ્થાન


## લોકશાહી આપણાથી - વોટ કરો ગર્વથી બા બહુ ઔર બેટી વોટ કરેંગે સાથ સાથ : પહેલા મતદાન પછી બીજું કામ

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગર શહેર ઉપરાંત સમગ્ર જિલ્લાના તમામ તાલુકાઓ/ગામોમાં લોકશાહીના મહાપર્વની ઉજવણીની જાગૃતિ માટે સંખ્યાબંધ રેલીઓં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ, કર્મીઓ જોડાયા

પ્લેકાર્ડ, બેનર્સ અને સુત્રોચ્ચાર સાથેની મતદાર રેલીએ નગરવાસીઓ-જિલ્લાવાસીઓમાં જમાવેલું ભારે આકર્ષણ

હિંમતનગર, શનિવાર઼ - સાબરકાંઠા જિલ્લામાં તા. ૧૭ મી ડિસેમ્બર-૨૦૧૨ ના રોજ સાત વિધાનસભા મત વિસ્તારની સામાન્ય ચૂંટણીઓમાં મતદારો દ્વારા મહત્ત્મ મતદાન થકી લોકશાહી વધુ મજબુત અને સુદ્રઢ બનાવવાન ભાગરૂપે ભારના ચૂંટણી પંચ તરફથી અમલમાં મુકાયેલ સૌ -થમ સિસ્ટમેટીક વોટર્સ એજ્યુકેશન ઈલેક્ટોરલ -ોગ્રામ (સ્વીપ) અંતર્ગત અનેકવિધ -યાસો હાથ ધરાયા છે. જેના ભાગરૂપે આજે સાબરકાંઠા જિલ્લાના તમામ તાલુકા/ગામોને આવરી લેતી મતદાર જાગૃતિ માટે યોજાયેલી આ મહારેલીને જિલ્લા અધિક કલેક્ટરશ્રી એમ.જે.ઠકકરે આજે હિંમતનગર શહેરની હિંમત હાઇસ્કૂલ ખાતેથી લીલી ઝંડી ફરકાવીને -સ્થાન કરાવ્યું હતું. જિલ્લા અધિક કલેક્ટરશ્રીની સાથે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જયોતિબેન સોલંકી સહિત અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ પણ આ રેલીમાં જોડાયા હતા. સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, અધિકારીઓ/કર્મચારીઓ વગેરે જોડાયા હતા. તદઉપરાંત જિલ્લાના તમામ ગામોમાં પણ જે તે -થમિક શાળાઓ ખાતેથી મતદાર જાગૃતિ રેલીઓ યોજાઇ હતી અને તેમાં મોટી સંખ્યામાં







લોકશાહીના આ મહાપર્વની ઉજવણીની જાગૃતિ માટેની આ મહારેલીએ હિંમતનગર શહેરી વિસ્તાર ઉપરાંત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભારે આકર્ષણ જમાવી જિલ્લાના -ત્યેક મતદાર સુધી તેનો સંદેશો ગુંજતો કર્યો હતો.

જેમાં હજારોની જોડાયેલા વિદ્યાર્થીઓએ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ મતદાર જાગૃતિનો સંદેશો ગુંજતો કર્યો હતો.

હિંમતનગર શહેરમાં યોજાયેલી હિંમત હાઈસ્કૂલ ખાતેથી -રંભાયેલી અને અંદાજે એકાદ કિલોમીટર જેટલી લાંબી આ મહારેલીમાં જિલ્લા અધિક કલેક્ટરશ્રી ઠકકરે રેલીના રૂટના કેટલાક વિસ્તારોમાં રેલીમાં સતત સામેલ રહી આગેવાની લઈને વિદ્યાર્થીઓને -ેત્સાહિત કર્યા હતાં. આ રેલી સિવિલ સર્કલ, પોસ્ટ ઓફીસ, ટાવર ચોક થઈ તેના મૂળ સ્થાને પરત ફરી હતી.

શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના મુખ્યમાર્ગો પરથી પસાર થયેલી આ રેલીના ૅમારો એક મત રચશે સરકારૅ, ૅલોકશાહી આપણાથી - વોટ કરો ગર્વથી ,ૅજુઓ જાણો અને વિચારો, અચુક મતદાન કરોૅ, યુવતી અને યુવાન કરે ગર્વથી મતદાનૅ, બા-બહુ ઓર બેટી, વોટ કરેંગે સાથ સાથૅ ,ૅ અચુક મતદાન એક જ નિર્ધારૅ,ૅપહેલુ મતદાન પછી બીજુ કામૅ,ૅ મતદાન કરીને જ જાન -સ્થાનૅ, ૅમતદાન સૌથી મોટુ દાનૅ,ૅ ઘરકામ પહેલા કે પછી, મતદાન તો ખરુ જૅ,ૅ સાસુવહુ બંને કરે મતદાનૅ વગેરે જેવા સુત્રોચ્ચારથી શહેર અને જિલ્લાના માર્ગો ગુંજી ઉઠ્યા હતાં. મતદાન જાગૃતિ અભિયાનના મેગા ઈવેન્ટમાં શાળાના વિદ્યાર્થીઓની બેન્ડ સાથેની આ રેલી વિવિધ વિસ્તારમાં ઘુમીને મતદાર જાગૃતિનો સંદેશો ગુંજતો કર્યો હતો.